॥ શ્રી મહાવીરાય નમઃ॥

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

Website : www.jainshikshan.org E mail : jainshikshanboard@gmail. com

**૧૩ જુલાઈ ૨૦૨૫ મહિલા મંડળ કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**

**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

**શ્રેણી – ૨૧**

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| OPEN /REGULAR | | WRITER | |
| SANGH NAME | | SUPARVISOR NAME | |
| MAHILA MANDAL | | TOTAL MARKS | |

(૨૦)

**પ્ર.૧ (અ) સામાયિક–પ્રતિક્રમણના આધારે લખો. (૧૦)**

**(૧) નીચેના શબ્દોનું માગધી લખો અને કયા પાઠમાં આવે છે? (૩)**

૧. પોતાના તથા સંબંધીના **સ્વસંબંધી** **પહેલા વ્રતમાં**

૨. શ્રાવિકાઓની **સાવિયાણં** **પાંચમા શ્રમણસૂત્રમાં**

૩. તે પ્રકારના કોઈપણ સ્પર્શ થાય **ફાસાફુસંતુ** **સંથારાના પાઠમાં**

**(૨) નીચેના શબ્દોના અર્થ લખો. (૨)**

૧. ખાતરખણી **ખાતર પાડી** ૨. વિણયહીણં **વિનય રહિત ભણાયું હોય**

૩. મહિયા **ભાવથી પૂજિત** ૪. સાગ વિહં **શાકની જાત, વજનની મર્યાદા**

**(૩) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૫)**

૧. કોટિની સંખ્યા કેવી રીતે મળે છે? **કરણ અને યોગના ગુણાકારથી કોટિની સંખ્યા મળે છે.**

૨. અગિયારમું વ્રત કેટલા દિવસ–રાત માટે ગ્રહણ કરવામાં આવે છે? **એક દિવસ એક રાત માટે.**

૩. ઉપાસક પ્રતિમા એટલે શું? **ઉપાસક પ્રતિમા એટલે શ્રાવકની પ્રતિજ્ઞા, નિયમ કે અભિગ્રહ.**

૪. પ્રતિક્રમણના છ આવશ્યકમાં ધર્મના કયા છે? **સામાયિક, પ્રતિક્રમણ, કાઉસ્સગ્ગ, પચ્ચક્ખાણ.**

૫. વર્તમાને કયો સંથારો થાય છે? એક શબ્દમાં લખો. **ભક્ત પ્રત્યાખ્યાન.**

**(આ) બીજા કર્મગ્રંથના આધારે જવાબ લખો. (૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ બે શબ્દમાં લખો. (૫)**

૧. શ્રેણી માંડવા શેની સત્તા લઈને ન માંડી શકાય? **નરકાયુ, તિર્યંચાયુ.**

૨. કયા ગુણસ્થાને જિનનામની સત્તા ન હોય? **બીજા, ત્રીજા.**

૩. ચોથા ગુણસ્થાને ઉપશમ સમકિતીને કેટલીપ્રકૃતિની સત્તા હોય? **૧૪૮, ૧૪૫**

૪. બારમા ગુણસ્થાનના દ્વિચરમ સમયે કઈ પ્રકૃતિની સત્તા વિચ્છેદ થાય? **નિદ્રા, પ્રચલા**

૫. સત્તામાં કર્મોનો શું સમ્મિલિત છે? **અબાધાકાળ, નિષેકકાળ**

**(૨) નીચેની પ્રકૃતિનો સત્તા ક્યાં સુધી? સત્તા વિચ્છેદ ક્યારે? (૫)**

| | સત્તા | સત્તા વિચ્છેદ |
|---|---|---|
| ૧. તિર્યંચ ગતિ | **૧ થી ૯/૧ ગુણસ્થાન સુધી** | **૯/૧ ગુણસ્થાનના છેડે** |
| ૨. નપુંસક વેદ | **૧ થી ૯/૩ ગુણસ્થાન સુધી** | **૯/૩ મા ગુણસ્થાનના છેડે** |
| ૩. મતિ જ્ઞાનાવરણીય | **૧ થી ૧૨ ગુણસ્થાન સુધી** | **૧૨ મા ગુણસ્થાનના છેડે** |
| ૪. પંચેન્દ્રિય જાતિ | **૧ થી ૧૪ ગુણસ્થાન સુધી** | **૧૪ મા ગુણસ્થાન છેડે** |
| ૫. પ્રત્યેક નામ | **૧ થી ૧૪ મા ગુણ.ના દ્વિચરમ સમય સુધી** | **૧૪ મા ગુણ.ના દ્વિચરમ સમયના છેડે** |

**(૫)**

**પ્ર.૨ સૂયગડાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક શબ્દમાં લખો.**

૧. ૩૩ સાગરની સ્થિતિ હોય તે નરકનું ગોત્ર લખો. **મહાતમ:પ્રભા (તમસ્તમ:)**

૨. દશ પ્રકારની વેદના કઈ છે? **ક્ષેત્રવેદના**

૩. શેને આધીન નથી થવાનું? **લોકપ્રવાહ**

૪. નૈરયિકોની અપેક્ષાએ કોની સંખ્યા અલ્પ છે? **પરમાધામી દેવો**

૫. દુષ્કૃત્યનું ફળ જીવ ક્યાં ભોગવવા જાય છે? **નરક**

**(૧૦)**

**પ્ર.૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો.**

૧. તથાજ્ઞાન પ્રશ્ન એટલે શું? **પોતાને જ્ઞાન હોવા છતાં અન્યની જ્ઞાનવૃદ્ધિ માટે પૂછાતા પ્રશ્નો.** **(૧×૮)**

૨. વર્ષા ઋતુમાં કયા મહિના આવે છે? **આસો, કારતક.**

૩. પ્રથમ પાંચ કારણ શું છે? **ઉન્માદ પ્રાપ્તિના નિમિત્ત કારણરૂપ છે.**

૪. ત્રીજી લોકસ્થિતિ લખો. **પાણી પ્રતિષ્ઠિત પૃથ્વી.**

૫. ભ્રાંત ચિત્ત શેનું કારણ બને છે? **પાપ પ્રવૃત્તિમાં મસ્ત બની અનંત સંસારનું કારણ બને છે.**

૬. આહાર ન કરવાનું પાંચમું કારણ શું છે? **તપની વૃદ્ધિ માટે.**

૭. ઈત્વરિક પ્રતિક્રમણ એટલે શું? **દેવસિય, રાત્રિક આદિ પ્રતિક્રમણ.**

૮. અચ્યુતેન્દ્રનો વિરહકાળ લખો. **ઉત્કૃષ્ટ છ માસ.**

૯. વર્ષધર પર્વતના નામ લખો. **ચુલહિમવંત, મહાહિમવંત, નિષધ, નીલવંત, રુક્મિ, શિખરી.** (૨)

(૧૦)

**પ્ર. ૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે લખો.**

**(૧) નીચેના પ્રશ્નોના શબ્દો કૌંસમાં આપેલા આંકડા પ્રમાણે લખો.** **(૫)**

૧. કંડરિક રાજાને કેવી વેદના ઉત્પન્ન થઈ? (૩) **વિપુલ, કર્કશ, અસહ્ય.**

૨. કુંડરિક મુનિ ચારે આહારમાં કેવા થઈ ગયા? (૨) **આસક્ત, તલ્લીન.**

૩. સાધુ–સાધ્વી ભોગની ઈચ્છા ન કરે તો શેને પ્રાપ્ત થતા નથી? (૩) **રાજદંડ, તર્જના, તાડના.**

૪. કુંડરિક મુનિ ચારે આહારમાં કેવા થઈ ગયા? (૨) **આસક્ત, તલ્લીન**

**(૨) મને ઓળખો.** **(૫)**

૧. મેં ૧૪ પૂર્વનું અધ્યયન કર્યું. **મહાપદ્મ અણગાર.**

૨. કુંડરિક અણગારની ચિકિત્સા અમારા દ્વારા કરી. **ઔષધ, ભેષજ.**

૩. મેં કંડરિક મુનિને આર્તધ્યાન કરતા મેં જોયા. **ધાવ માતા.**

૪. ચાતુર્યામ ધર્મ સ્વીકારીને મને આહાર સમ્યક્રૂપે ન પરિણમ્યો. **પુંડરિક અણગાર.**

૫. અમારા દ્વારા સાધુ–સાધ્વી ઉપાસના કરવા યોગ્ય છે? **શ્રમણ, શ્રમણીઓ, શ્રાવક, શ્રાવિકાઓ.**

**અથવા**

**પ્ર. ૪ પુષ્પિકા વર્ગ સૂત્રના આધારે લખો.**

**(૧) નીચેના પ્રશ્નોના શબ્દો કૌંસમાં આપેલા આંકડા પ્રમાણે લખો.** **(૬)**

૧. સુભદ્રાએ પુત્ર પ્રાપ્તિ માટે સાધ્વીજીઓને શું ઉપાય પૂછ્યો? (૩) **વિદ્યાપ્રયોગ, મંત્રપ્રયોગ, ઔષધ**

૨. સુભદ્રા બાળકો માટે શેની ગવેષણા કરવા લાગી? (૪) **રમકડાં, મિષ્ટાન્ન, કંકણ, કાજલ.**

૩. સોમા શ્રાવકધર્મનો સ્વીકાર કરીને કેવી રીતે આત્માને ભાવિત કરતી રહેશે? (૫)

**શીલવ્રત, ગુણવ્રત, શિક્ષાવ્રત, પ્રત્યાખ્યાન, પૌષધોપવાસ.**

**(૨) ખાલી જગ્યા પૂરો.** **(૪)**

૧. ધર્મ સાંભળી સોમા ..... અને ..... થશે. **હર્ષિત,સંતુષ્ટ**

૨. મને ..... પ્રવચન પર ..... અને ..... થઈ છે. **નિર્ગ્રંથ, શ્રદ્ધા, રુચિ**

૩. ભદ્રા પોતાને ..... અને ..... માનતી હતી. **ભાગ્યહીન, પુણ્યહીન**

૪. વસ્તુની પ્રાપ્તિ ..... ને આધીન છે. **પુણ્ય**

(૧૦)

**પ્ર. ૫ (અ) અંતગડ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ બે શબ્દમાં લખો. (૫)**

૧. શ્રીદેવી રાણીએ ગૌતમ સ્વામીને પહેલા ત્રણ વાર શું કર્યું? **આદક્ષિણા, પ્રદક્ષિણા**

૨. અતિમુક્ત કુમારને ધર્મ કેવો લાગ્યો? **રુચિકર, ઈષ્ટ**

૩. અતિમુક્ત અણગાર પ્રકૃતિથી કેવા હતા? **ભદ્ર, વિનીત**

૪. અતિમુક્ત કુમારના માતા–પિતાનું નામ શું હતું? **શ્રીદેવી, વિજય**

૫. અતિમુક્ત કુમારે ભગવાન પાસે આવી શું કર્યું? **વંદન, નમસ્કાર**

**(આ) જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે યોગ્ય વિકલ્પ પર ટીક કરો. (૫)**

૧. વણિકોના નગરનું નામ શું હતું? (**હસ્તિશીર્ષ,** વારાણસી, કાલિક)

૨. સુગંધી દ્રવ્યો કઈ ઈન્દ્રિય માટે છે? (**ઘ્રાણેન્દ્રિય,** સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય)

૩. ઈન્દ્રિયના વિષયોનું આકર્ષણ શેનું કારણ બને છે? (રાગ, દ્વેષ, **દુઃખ**)

૪. કાલિકદ્વીપમાં શું હતું? (જસત, **હીરા,** આર્યન)

૫. અશ્વો કયા બંદર પર હતા? (**ગંભીર,** કંડલા, વાડીનાર)

(૧૫)

**પ્ર.૬ ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો. (૧૨)**

૧. ઘોરાસમં **ચઈત્તાણં, અન્નં પત્થેસિ આસમં ।**

**ઈહિવ પોસહરઓ, ભવાહિ મણુયા** હિવા ॥

**અર્થ : હે રાજન્ ! આપ ઘોરાસમ અર્થાત્ ઉત્તમ ગૃહાસ્થાશ્રમને છોડીને બીજા સંન્યાસ આશ્રમને ધારણ કરવા ઈચ્છો છો, તે બરાબર નથી. ગૃહસ્થાશ્રમમાં રહીને પણ પૌષધાદિ શ્રાવકવ્રતનું પાલન કરતા ધર્મની આરાધના કરો.**

૨. જઈત્તા **વિઉલે જન્ને, ભોઈત્તા સમણમહાણે ।**

**દત્તા ભોચ્ચા ય જિટ્ઠા ય, તઓ ગચ્છસિ** ખત્તિયા ॥

**અર્થ : હે ક્ષત્રિય ! તમે પહેલા બ્રાહ્મણો દ્વારા મોટા યજ્ઞો કરાવીને, શ્રમણો અને બ્રાહ્મણોને ભોજન કરાવીને, બ્રાહ્મણાદિને ગાયો, ભૂમિ, સુવર્ણ વગેરે પદાર્થોનું દાન આપીને,મનોજ્ઞ શબ્દાદિ, વિષયસુખોને ભોગવીને**

**તથા સ્વયં યજ્ઞ કરીને પછી દીક્ષા અંગીકાર કરજો.**

૩. સે **દેવલોગસરિસે, અન્તેઉરવરગઓ વરે ભોએ ।**

**ભુંજિતુ નમિરાયા, બુદ્ધો ભોગે** પરિચ્ચઈ ।।

**અર્થ : નમિ રાજર્ષિએ શ્રેષ્ઠ અંતઃપુરમાં રહીને દેવલોક સમાન ભોગો પ્રાપ્ત કરી, તેને ભોગવીને ત્યારપછી પ્રબુદ્ધ થયા અને સમસ્ત ભોગોનો ત્યાગ કરી દીધો.**

૪. પુઢવી **સાલી જવા ચેવ, હિરણ્ણં પસુભિસ્સહ ।**

**પડિપુણ્ણં નાલ મેગસ્સ, ઈઈ વિજ્જા તવં** ચરે।।

**અર્થ : પૃથ્વી પરના તમામ પ્રદેશો, ચોખા, જવ આદિ પૃથ્વીમાં રહેલા સર્વ ધાન્યો, સોનું તથા પશુઓ વિ. સમગ્ર પદાર્થો એક મનુષ્યની ઈચ્છાપૂર્તિ માટે સમર્થ નથી, એમ જાણીને વિદ્વાન સાધક તપનું આચરણ કરે અર્થાત્ સંયમ ગ્રહણ કરે અને ઈચ્છાઓને નિગ્રહ કરે.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ એક શબ્દમાં લખો.** **(૩)**

૧. કાંટારૂપ શું છે? **કામભોગ** ૨. સૌથી શ્રેષ્ઠ શું છે? **સંયમ**

૩. બ્રાહ્મણો દ્વારા શું કરવાનું છે? **યજ્ઞો** ૪. બાણો શેનાથી યુક્ત છે? **તપથી**

૫. કઈ નગરી બળી રહી છે? **મિથિલા** ૬. શેને જીતવાનો છે? **પોતાના આત્માને**

**(૧૦)**

**પ્ર. ૭ ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક શબ્દમાં લખો.**

૧. જંબૂદ્વીપ તરફથી કેટલી નદીઓ આવીને મળે છે? **૧૪૫૬૦૯૦**

૨. ચૌદમા સમુદ્રનું નામ શું છે? **કુંડલવરભાસ સમુદ્ર**

૩. બારમા દ્વીપનું નામ લખો. **કુંડલ દ્વીપ**

૪. ઈશ્વરના માલિક દેવનું નામ શું છે? **પ્રભંજન**

૫. લવણસમુદ્રની ચારે તરફ શું છે? **પદ્મવરવેદિકા**

૬. ઈક્ષુ દ્વીપની પરિધિ કેટલા યોજન છે? **૪૦૯૬ યોજન ઝાઝેરી**

૭. જગતી કેટલા અને કયા દ્વીપ–સમુદ્રને છે? **૧, જંબૂદ્વીપ**

૮. કળશના ઉપરના ભાગમાં શું છે? **પાણી**

૯. કળશની ઠીકરી કેવી છે? **વજ્રમય**

૧૦. વારૂણી સમુદ્રનો સ્વાદ કોના સમાન છે? **મદિરા**

**(૧૦)**

**પ્ર. ૮ પન્નવણા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો.**

૧. સ્પૃષ્ટ દ્વાર એટલે શું? **ઈન્દ્રિયોને જે પુદ્ગલો આવી સ્પર્શે તે પુદ્ગલોને ઈન્દ્રિયો ગ્રહે તે.** (૧×૬)

૨. ઘ્રાણેન્દ્રિયનો સંસ્થાન, પૃથુત્વ દ્વાર લખો.

**સંસ્થાન–ધમણ જેવું. પૃથુત્વ–જઘન્ય ઉત્કૃષ્ટ અંગુલના અસંખ્યાતમા ભાગનું.**

૩. અનંતર ઉપપન્નક એટલે શું? **દેવગતિમાં પ્રથમ સમયના ઉત્પન્ન થયેલા.**

૪. સ્પર્શનેન્દ્રિયનો બાહુલ્ય દ્વાર લખો.

**સ્પર્શનેન્દ્રિયનું બાહુલ્ય જઘ. આંગુલનો અસંખ્યાતમો ભાગ. ઉ. આંગુલનો અસંખ્યાતમો ભાગ.**

૫ ઈન્દ્રિયના છેલ્લા ત્રણ દ્વારના નામ લખો. **૯) વિષય દ્વાર ૧૦) અનાકાર દ્વાર ૧૧) આહાર દ્વાર.**

૬. પ્રવિષ્ટ એટલે શું? **જે ઈન્દ્રિયોને વિશે અભિમુખ પુદ્ગલો આવીને પ્રવેશ કરે.**

૭. કંસારી, આદ્રા, કરા, પોતની મેળે ઉત્પન્ન થતો હાથીનો ચક્ષુઈન્દ્રિયનો ઉત્કૃષ્ટ વિષય લખો. (૨×૨)

**કંસારી–૨૫૬ ધનુષ, આદ્રા–૧ લાખ યો. ઝા., કરા–ન હોય, પોતની મેળે ઉત્પન્ન થતો હાથી–૫૦૯૮ ધનુષ.**

૮. ઉત્કૃષ્ટ ઉપયોગકાળનો અલ્પબહુત્વ લખો.

**સર્વથી થોડો ચક્ષુઈન્દ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગકાળ, તેથી શ્રોત્રેન્દ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગકાળ વિશેષાધિક, તેથી ઘ્રાણેન્દ્રિયનો જ ઉત્કૃષ્ટ ઉપયોગકાળ વિશેષાધિક, તેથી રસનેન્દ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગકાળ વિશેષાધિક, તેથી સ્પર્શનેન્દ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગકાળ વિશેષાધિક.**

(૧૦)

**પ્ર. ૯ માર્ગણાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

| માર્ગણા | ના. | તિ. | મનુ. | દેવ | સમજૂતી | કુલ ભેદ |
|---|---|---|---|---|---|---|
| ૧. જ્યોતિષીની આગતિમાં | ૦ | ૫ | ૪૫ | ૦ | ૫ સંજ્ઞી તિર્યંચ પંચે., ૧૫ કર્મભૂમિ, ૩૦ અકર્મભૂમિના એ ૫૦ ના પર્યાપ્તા | ૫૦ |
| ૨. અધોલોક બાદર નપુંસકમાં | ૧૪ | ૩૮ | ૩ | ૦ | ૧૪ નરક, ૪૮ માંથી ૧૦ સૂક્ષ્મ ઘટ્યા તે ૩૮, ૩ ભેદ મનુષ્યના (સલીલાવતી આશ્રી) | ૫૫ |
| ૩. પદ્મલેશી મિશ્રદષ્ટિમાં | ૦ | ૫ | ૧૫ | ૧૨ | ૫ સંજ્ઞી તિર્યંચ પંચે.ના પર્યાપ્તા, ૧૫ કર્મભૂમિના પર્યાપ્તા, ૩ થી ૫ દેવલોક, ૯ લોકાંતિક, એ ૧૨ ના પર્યા. | ૩૨ |
| ૪. અકર્મભૂમિ સંજ્ઞી મનુષ્યમાં | ૦ | ૦ | ૬૦ | ૦ | ૩૦ અકર્મભૂમિના અપર્યા.+પર્યા. | ૬૦ |
| ૫. અધોલોક વચનયોગીમાં | ૭ | ૧૩ | ૧ | ૨૫ | ૭ નરકના પર્યાપ્તા, ૩ વિકલેન્દ્રિય, ૫ અસંજ્ઞી તિર્યંચ પંચે., ૫ સંજ્ઞી તિર્યંચ પંચે.ના પર્યાપ્તા, ૧ સંજ્ઞી મનુષ્યનો પર્યાપ્તો, ૨૫ ભવનપતિના પર્યાપ્તા | ૪૬ |

**જય – જિનેન્દ્ર**